**અમદાવાદ (ગ્રામ્ય) ના મહે. ત્રીજા એડીશ્નલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં– મુકામ–મિરઝાપુર, અમદાવાદ.**

**<u>ક્રિમીનલ કેસ નંબર– ૧૧૩૮૬ /20૧૯</u>**
**આંક–૫**

**ફરિયાદી–** **શ્રી સરકાર**

**– વિરૂધ્ધ–**

**આરોપી–** **અનીલકુમાર રમેશકુમાર શર્મા**

**રહેઃ81, જમનાપાર્ક સોસાયટી, અમદાવાદ**

**ગુનો– <u>જી. પી. એકટની કલમ–૧૩૧ મુજબ.</u>**

**<u>ફરીયાદી તર્ફે વિ.એ.પી.પી.શ્રી</u>**

**– ચુ કા દો –**

૧) ફરીયાદી પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, -

આ કામના આરોપીએ ચાર્જશીટમાં દર્શાવેલ વિગતે જી. પી. એકટની કલમ–૧૩૧ મુજબનો ગુનો કરેલ છે.

૨) સદર કામે ફરીયાદના આધારે ગુનો રજીસ્ટર્ડ થયા બાદ તપાસ કરનાર અધિકારીશ્રીએ તપાસ દરમ્યાન સાહેદોના નિવેદનો નોંધેલ, ગુનાવાળી જગ્યાનું પંચનામું કરેલ અને સમગ્ર તપાસના અંતે આરોપી વિરૂધ્ધ પુરતો પુરવો જણાતા કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરેલ છે.

૩) સદર કામે આરોપીને સમન્સ/નોટીસની બજવણી થતા આરોપી કોર્ટમાં હાજર થતા આરોપીને સા.આર.પી.સી.ની કલમ ૨૦૭ મુજબ પોલીસ પેપર્સની નકલો પુરી પાડ્યાની ખાત્રી કર્યા બાદ આરોપીની **આંક- ૩** પ્લી નોંધવામાં આવતા આરોપીએ તેની સામેનો સ્વેચ્છાપૂવર્ક કબુલ કરેલ છે.

૪) આ કામના આરોપીએ **આંક– ૪** ગુના કબુલાત પુરસીસ રજુ કરેલ છે અને તેમાં જણાવેલ છે કે, આ તેમનો પ્રથમ ગુનો છે, કુટુંબના ભરણ–પોષણની જવાબદારી તેઓના ઉપર છે જેથી ઓછી સજા કરવા વિનંતી કરેલ છે. સદર કામે આરોપી ખરેખર પોતાની સ્વેચ્છાએ ગુનો કબુલ કરતા હોવાની ખાત્રી કરવામાં આવેલ છે.

૫) આરોપી સામે જી. પી. એકટની કલમ–૧૩૧ મુજબ મુજબના ગુનાનું તહોમત છે. આરોપીની ગુના કબુલાત પુરસીસ વંચાણે લેતાં તેમનો આ પ્રથમ ગુનો છે, કુટુંબના ભરણ–પોષણની જવાબદારી તેઓના ઉપર છે જેથી ઓછી સજા કરવા વિનંતી કરેલ છે. આમ, આરોપી સામેના ગુનાનો

આક્ષેપ, સજાની જોગવાઈ, આરોપીનો પ્રથમ ગુનો, કબુલાત પુરસીસમાં જણાવેલ કારણો વિગેરે ધ્યાને લેતાં આરોપીને ઓછામાં ઓછો દંડ અને સજા કરવી યોગ્ય, ન્યાયી અને ઉચિત માનું છું.

૬) નામદાર વડી અદાલતે ૨૦૦૫(૧) જીએલઆર ૭૦૯, સ્ટેટ ઓફ ગુજરાત વિ. નટવર હરીચન્દ્રજી ઠાકોરના કેસમાં પ્રસ્થાપિત કરેલ માર્ગ દર્શક સિધ્ધાંતો ધ્યાને લેતા આરોપીને ઓછી સજા કરવાનું ન્યાયના હિતમાં જણાય છે, જેથી આરોપીને સુધરવાની તક મળે તે હેતુથી ન્યાયના હીતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## - આખરી હુકમ -

આ કામના આરોપીને ક્રિ.પ્રો.કોડની કલમ–૨૫૨ અન્વયે તકશીરવાન ઠરાવી જી. પી. એકટની કલમ–૧૩૧ મુજબ ગુનામાં રૂા . **50 /- (અંકે રૂપિયા પચાસ )** નો દંડ અને જો આરોપી દંડ ની રકમ ન ભરે તો દીન- ૧૦ ની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તા.૧૪મી, સપ્ટેમ્બર–૨૦૧૯ ના રોજ ખુલ્લી જનરલ અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૧૪/૦૯/૨૦૧૯

અમદાવાદ.

**(એ.આર.ઘોરી)**
ત્રીજા એડીશ્નલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ
અમદાવાદ(ગ્રામ્ય), મીરઝાપુર,
**યુ.આઈ.સી.નં.જીજે.૦૯૯૮**